કચરાનો સમયસર નિકાલ કરવા વાપી મનપાના કર્મીઓને સૂચના

વાપી શહેરની સ્વચ્છતા વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા મનપામાં સમીક્ષા બેઠક યોજાઈ



વાપી : વાપી મહાનગરપાલિકા ખાતે શહેરની સ્વચ્છતા વ્યવસ્થાને વધુ સુદૃઢ અને અસરકારક બનાવવા અંગે શુક્રવારે એક બેઠક મળી હતી. આ બેઠકમાં વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્થાયી સમિતિના અધ્યક્ષ સતિષભાઈ પટેલ તથા નાયબ મ્યુનિસિપલ કમિશનર વિશાલભાઈ પટેલની ઉપસ્થિતિમાં બંને વોર્ડના સેનેટરી ઈન્સ્પેક્ટર, સબ સેનેટરી ઈન્સ્પેક્ટર તથા સ્વચ્છતા માર્શલ સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં સફાઈની કામગીરી નિયમિત અને સુવ્યવસ્થિત રીતે થાય, જાહેર રસ્તાઓ, સોસાયટીઓ, બજાર વિસ્તારો તથા જાહેર સ્થળોએ સ્વચ્છતા જળવાઈ રહે અને કચરાનો સમયસર નિકાલ કરવામાં આવે તે અંગે સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. નાગરિકો તરફથી મળતી સ્વચ્છતા સંબંધિત ફરિયાદોને પ્રાથમિકતા આપી તાત્કાલિક સ્થળ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવા તેમજ ફરિયાદોનો સમયમર્યાદામાં નિકાલ કરવા ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ ઉપરાંત શહેરના નાગરિકોમાં સ્વચ્છતા અંગે વધુને વધુ જાગૃતિ આવે તે માટે પણ ચર્ચા કરવામાં આવી હતી. નાગરિકો પોતાના ઘર, દુકાન અને આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જાળવે તેવી જાગૃતિની અપીલ કરવામાં આવી છે.

વલસાડની હાફૂસ કેરીને GI Tagનો નિર્ણય અનામત

ચેન્નાઈ GI રજિસ્ટ્રીમાં અંતિમ સુનાવણી પતી ગઇ

વાપી : ગુજરાતની પ્રખ્યાત વલસાડ હાફૂસ કેરીને અલગ ભૌગોલિક સૂચકાંક (GI Tag) આપવાની અરજી પર ચેન્નાઈ GI રજિસ્ટ્રીમાં અંતિમ સુનાવણી પૂર્ણ થઈ છે. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ રજિસ્ટ્રીએ નિર્ણય અનામત રાખ્યો છે. સુનાવણી દરમિયાન ગુજરાત અને મહારાષ્ટ્રને પરસ્પર સમજૂતીથી સમાધાનનો માર્ગ કાઢવા પણ સૂચન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે વર્ષ 2018માં મહારાષ્ટ્રના કોકણ વિસ્તારના પાંચ જિલ્લાની હાફૂસ કેરીને GI ટેગ મળ્યો હતો. ત્યારબાદ વર્ષ 2023માં નવસારી કૃષિ યુનિવર્સિટી અને ભારતીય કિસાન સંઘ દ્વારા વલસાડ હાફૂસને અલગ GI ટેગ આપવા અરજી કરવામાં આવી હતી. ગુજરાતનો દાવો છે કે વલસાડ અને નવસારી વિસ્તારમાં 150 વર્ષથી વધુ સમયથી હાફૂસની ખેતી થાય છે અને અલગ GI ટેગ મળવાથી ખેડૂતોને યોગ્ય બજારભાવ તથા ઓળખ મળશે.

બીજી તરફ કોકણના ખેડૂતો અને સંસ્થાઓએ વિરોધ કરતાં દલીલ કરી છે કે હાફૂસનો વિશિષ્ટ સ્વાદ, સુગંધ અને ઓળખ કોકણની માટી તથા આબોહવા સાથે જોડાયેલી છે. આ કેસમાં કોકણ કૃષિ વિદ્યાપીઠ અને હાફૂસ ઉત્પાદક સંઘ તરફથી વૈજ્ઞાનિક પુરાવા પણ રજૂ કરવામાં આવ્યા હતા.

હવે GI રજિસ્ટ્રીના અંતિમ ચુકાદા પર સૌની નજર છે. જો ચુકાદો વિરુદ્ધમાં આવશે તો કોકણના ખેડૂતો આ મામલે સુપ્રીમ કોર્ટ સુધી કાનૂની લડત આપશે તેવી તૈયારી બતાવી છે.

ગણદેવીની ૧૫ ગ્રા.પં.માં સરપંચની અનામત ફાળવણી સામે વિરોધ

અનામતના રોટેશનના નિયમોનો ભંગ થયાનો આક્ષેપ

કલેક્ટરને રજૂઆત બાદ ઉચ્ચ ન્યાયાલયમાં પડકારની તૈયારી



બીલીમોરા: ગણદેવી તાલુકાની ૬૫ ગ્રામ પંચાયતની આગામી ચૂંટણી પહેલાં જ સરપંચ પદની અનામત બેઠકોની ફાળવણીને લઈ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ગત તા.૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા અનામત બેઠકોના જાહેરનામા સામે તાલુકાની ૧૫ જેટલી ગ્રામ પંચાયતમાં અસંતોષ ફાટી નીકળ્યો છે. અનામતની વારાફરતી ફાળવણી (રોટેશન) ના નિયમોનું ઉલ્લંઘન કરી કેટલીક ગ્રામ પંચાયતોમાં મહિલા અનામતનું પુનરાવર્તન કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મુદ્દે કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવ્યા બાદ હવે સમગ્ર ફાળવણીને ઉચ્ચ ન્યાયાલયમાં પડકારવાની દિશામાં કવાયત તેજ બની છે.

ગ્રામ પંચાયતોમાં સરપંચ પદની અનામત ફાળવણી માટે ગુજરાત પંચાયત અધિનિયમ તથા ગુજરાત ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી (સરપંચના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪માં નિર્ધારિત જોગવાઈઓનું પાલન કરવાનું હોય છે. રજૂઆતકર્તાઓના જણાવ્યા મુજબ નિયમો અનુસાર એક વખત કોઈ ચોક્કસ વર્ગ માટે બેઠક અનામત રાખવામાં આવ્યા બાદ રોટેશન પૂર્ણ ન થાય ત્યાં સુધી એ જ વર્ગને ફરીથી અનામતનો લાભ આપી શકાય નહીં. તેના બદલે આગામી ક્રમમાં આવતા વર્ગને અનામત ફાળવણી થવી જોઈએ. જોકે, હાલની ફાળવણીમાં રોટેશનના સિદ્ધાંતને બદલે અગાઉની અનામતનું પુનરાવર્તન કરવામાં આવ્યું હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

આ સમગ્ર વિવાદમાં ગંધોર ગામનો કિસ્સો વિશેષ ચર્ચાસ્પદ બન્યો છે. રજૂઆતકર્તાઓના જણાવ્યા મુજબ છેલ્લાં ૪૫ વર્ષથી ગંધોર ગ્રામ પંચાયતમાં પુરુષ ઉમેદવારો સરપંચ પદની ચૂંટણી લડી શક્યા નથી. આ સ્થિતિને લઈને પણ સ્થાનિક સ્તરે નારાજગી વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગ્રામ પંચાયતની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થાય એ પહેલાં જ સરપંચ પદની અનામત ફાળવણી સામે ઊઠેલા વિરોધે રાજકીય વાતાવરણ ગરમાવ્યું છે. કલેક્ટર સમક્ષ કરવામાં આવેલી રજૂઆતનો યોગ્ય નિકાલ નહીં આવે તો અનામત ફાળવણીના જાહેરનામાને ઉચ્ચ ન્યાયાલયમાં પડકારવામાં આવે તેવી શક્યતા છે. પરિણામે ગણદેવી તાલુકાની ગ્રામ પંચાયતોની ચૂંટણી પહેલાં જ અનામતના રોટેશનનો મુદ્દો રાજકીય અને કાનૂની ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

લોકશાહી વ્યવસ્થામાં સમાન તક મળવી જોઈએ

નવસારી કલેક્ટરને ગત તા.૧૩/૧૧/૨૦૨૬ના રોજ ઘનોરી ગ્રામજનોએ લેખિત આધાર પુરાવાઓ સહિત પ્રાર્થનાપત્ર આપ્યો હતો, જેમાં ઘનોરી ગામે વીતેલાં ૨૫ વર્ષમાં અનુસૂચિત આદિજાતિ વર્ગને બે વખત, બિન અનામત પૈકી મહિલા વર્ગને બે વખત અને ઓબીસીને એક વખત અનામત ફાળવવામાં આવી છે. જ્યારે સામાન્ય બિન અનામતને ૩૦થી ૪૦ વર્ષ અને સામાન્ય ઓબીસીને બે દાયકાથી તક મળી નથી. દરેક સમાજને લોકશાહી વ્યવસ્થામાં સમાન તક અને ન્યાય મળે, અનામત ફાળવણીમાં પારદર્શકતા અને નિયમોના યોગ્ય પાલનની માંગ કરી છે.

આ ગામમાં થઈ રહ્યો છે વિરોધ

તાલુકાની ૬૫ ગ્રામ પંચાયત પૈકી અજરાઈ, મટવાડ, અંભેટા, ગંધોર, કોથા, ધમડાછા, દેવધા, દેવસર, ભાઠા, બીગરી, છાપર, ભાગડ, ભાટ, ઘોલાઈ અને માસા સહિતની ૧૫ ગ્રામ પંચાયતોમાં મહિલા અનામતના પુનરાવર્તન સામે વિરોધ નોંધાવવામાં આવ્યો છે. આ ગામોમાં અગાઉની અનામત ફાળવણી અને વર્તમાન જાહેરનામાના લેખિત પુરાવા સાથે જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી છે.

બાલદા પંચાયત ભવનનું કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ

નાણા મંત્રીએ તળાવ ડેવલપમેન્ટ માટે રૂ.10 લાખની જાહેરાત કરી



પારડી : પારડીના બાલદા ગામના લોકોને સરકારી કામકાજમાં સરળતા રહે અને આધુનિક સુવિધાઓ મળી રહે તે હેતુથી નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. અંદાજે રૂ.70 લાખના ખર્ચે તૈયાર થયેલા ગ્રામ પંચાયતના નવા આધુનિક ભવનનું આજે મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવું અને અદ્યતન પંચાયત ભવન બનવાથી ગ્રામજનોને વર્ષો સુધી આધુનિક સુવિધાઓનો લાભ મળશે અને વહીવટી કામગીરીમાં મોટી રાહત થશે. આ લોકાર્પણ સમારોહ દરમિયાન મંત્રી કનુભાઈ દેસાઈએ બાલદા ગામના તળાવના બ્યુટીફીકેશન અને ડેવલપમેન્ટ માટે વધુ રૂ.10 લાખની ગ્રાન્ટ આપવાની મહત્વપૂર્ણ જાહેરાત કરતા ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશ પટેલ, પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનિત પટેલ, ટી.ડી.ઓ. સંદીપ ભગોરા, તાલુકા પંચાયતના પ્રમુખ કિન્નરીબેન પટેલ, બાલદા ગામના સરપંચ રાહુલ પટેલ, બાલદા જિલ્લા પંચાયત સભ્ય નરેશ પટેલ, માજી પ્રમુખ મહેશ દેસાઈ, ગામના અગ્રણી જતીનભાઈ દેસાઈ, નગરપાલિકા પ્રમુખ ચેતન નાયકા, શહેર સંગઠન પ્રમુખ વિપુલ પટેલ અને પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત આસપાસના ગામોના સરપંચો, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો અને વિશાળ સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સંક્ષિપ્ત સમાચાર

ધોધડકૂવામાં સ્વ. ઇન્દિરા ગાંધીની જન્મજયંતી સ્મરણાંજલિ



વલસાડ : દેશના પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. ઈન્દિરા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે નાનાપોંઢા તાલુકાના ધોધડકૂવામાં બાળકો સાથે સ્મરણાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ અને બાળકોને ફૂડ પેકેટ વિતરણ કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન તાલુકા જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ હાર્દિક પટેલ, ગ્રામ પંચાયત સભ્ય સુખાલા રણજીતભાઈ, ગ્રામ પંચાયત સભ્ય દક્ષાબેન, ગિરીશભાઈ મોટાપોંઢા, કીર્તિભાઈ ચીવલ અને રોનકભાઈ પટેલ, સુખાલા તાલુકા પંચાયત સભ્ય અને યુથ આગેવાન કુંજાલી પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

ડાંગની આદિજાતિ માટે પોલીસ અને આર્મી ભરતીની વિનામૂલ્યે નિવાસી તાલીમ

સાપુતારા : ડાંગ જિલ્લાના અનુસૂચિત જનજાતિ (ST) ના શિક્ષિત બેરોજગાર યુવક-યુવતીઓ માટે રાજ્ય સરકારના ટ્રાયબલ સબ પ્લાન, આહવા-ડાંગ હેઠળ પોલીસ અને આર્મી ભરતી પૂર્વેની ૨૧ દિવસની વિનામૂલ્યે નિવાસી તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, રમત સંકુલ, સાપુતારા ખાતે યોજાશે. આ તાલીમ માટે શૈક્ષણિક લાયકાત જેમાં ઉમેદવાર ઓછામાં ઓછા ધોરણ-૧૨ પાસ અથવા સ્નાતક કે તેથી વધુ લાયકાત ધરાવતા હોવા જોઈએ. ઉમેદવારની ઉંમર ૧૮ થી ૩૫ વર્ષની વચ્ચે હોવી જોઈએ. ઈચ્છુક ઉમેદવારોએ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, રમત સંકુલ, સાપુતારા જિ. ડાંગ ખાતેથી રૂબરૂ અરજી ફોર્મ મેળવી, જરૂરી દસ્તાવેજો સાથે ભરીને તા. ૨૫/૧૧/૨૦૨૬ સુધીમાં જમા કરાવવાનું રહેશે.

દમણના અટિયાવાડ અને દુનેઠામાં એઇડ્સ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



દમણ : સંઘપ્રદેશ દમણમાં વિશ્વ એઇડ્સ દિવસ નિમિત્તે દામિની વિમેન્સ ફાઉન્ડેશન દ્વારા અટિયાવાડ અને દુનેઠા ગ્રામ પંચાયતમાં એચ.આઈ.વી. એઇડ્સ અંગે જાગૃતિ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં આરોગ્ય અધિકારીઓ પ્રકૃતિ પટેલ અને અંકિશા પટેલે એઇડ્સથી બચાવ, તપાસ, સારવાર તથા સંક્રમિતો પ્રત્યે ભેદભાવ ન રાખવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં અટિયાવાડના ઉપસરપંચ તેજલભાઈ, પૂર્વ સરપંચ ઉર્વશીબેન, દુનેઠાના સરપંચ આશાબેન, ઉપસરપંચ રમેશ ભંડારી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ સિમ્પલબેન કાટેલાએ આજના મહિલા આરોગ્ય જાગૃતિ કાર્યક્રમને પ્રાધાન્ય આપી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

જાહેર નિવિદા નં. ૩૧ સને ૨૦૨૬-૨૭
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.

આથી કાર્યપાલક ઇજનેર, સિંચાઈ યોજના વિભાગ નં-૪,કરજણ વહીવટી સંકુલ, રાજપીપળા-૩૯૩૧૪૫. ફોન નં (૦૨૬૪૦) કચેરીથી દ્વારા નીચેનાં કામ " પ્રોવાઈડીંગ કન્સલ્ટન્સી સર્વિસીસ ફોર સોઇલ ઇન્વેસ્ટીગેશન સ્ટ્રકચરલ એનાલિસિસ એન્ડ ડિઝાઇન વિથ ડ્રોઇંગ અસ આઈ.એસ. કોડસ્, પ્રીપેરશન ઓફ ડિટઈલ્ડ એસ્ટીમેટ્સ. બી.ઓ.ક્યુ. એન્ડ ટેકનિકલ ડોક્યુમેન્ટ અલંગ વિથ કમ્પ્લીટ ડિઝાઇન એન્ડ ડ્રોઇંગ ફોર કન્સ્ટ્રકશન ઓફ ઓફિસ બિલ્ડીંગ ઇરીગેશન રાજપારડી કોલોની ભરૂચ." માટે ગુજરાત રાજયનાં માર્ગ અને મકાન વિભાગ તથા નર્મદા જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઇજારદારો પાસેથી નીચેનાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૪,૧૬,૫૦૦/- છે. ટેન્ડર આપવાની છેલ્લી તા.૨૭.૧૧.૨૦૨૬ અને પરત લેવાની છેલ્લી તા.૦૨.૧૨.૨૦૨૬. ટેન્ડર તારીખ ખોલવાની તા.૦૩.૧૨.૨૦૨૬.

માહિતી/નર્મદા/૩૭૮/૨૦૨૬-૨૭

દક્ષિણ ગુજરાત વીજ કંપની લી
CINU40102GJ2003SGC042909
અંકલેશ્વર ઔદ્યોગીક વિભાગીય કચેરી
ઓએનજીસી કેમ્પસની સામે, અંકલેશ્વર
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૩૦૦૩ અથવા ૧૯૧૨૩

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખ અને સમય દરમ્યાન નીચે જણાવેલ ફીડરો પર જેટકો દ્વારા અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજપુરવઠો મળશે નહી.

ક્રમ	સબ સ્ટેશનનું નામ	ફિડરનું નામ	સબ ડિવિઝનનું નામ	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ અને વાર	સમય
૧	દ૬ કેવી દધેડા	૧૧ કેવીના તમામ ફીડર	અંકલેશ્વર ઇન્ડસ્ટ્રીયલ	૮૯૮૦૮૦૩૯૨૯	૨૫.૧૧.૨૦૨૬ બુધવાર	૦૯.૦૦ થી ૧૬.૦૦
૩	અંકલેશ્વર-બી	૨૨ કેવીના તમામ ફીડર	અંકલેશ્વર જી.આઈ.ડી.સી	૯૮૭૯૨૦૧૬૬૭	૨૪.૧૧.૨૦૨૬ મંગળવાર	૦૭.૦૦ થી ૧૫.૦૦
૪	અંકલેશ્વર-ડી	૧૧ કેવીના તમામ ફીડર				

કામ પુર્ણ થયા પછી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર(ઔદ્યોગીક),અંકલેશ્વર

"એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકા થી બચો અને વીજ અકસ્માત ટાળો "

જૂની પેન્શન સ્કીમ લાગુ કરવા રેલવે કર્મચારીઓની માંગ

ભાવનગરમાં WREU ના ૧૦૬મા વાર્ષિક અધિવેશનમાં જુદા જુદા ઠરાવ પસાર કરાયા.



વલસાડ : વેસ્ટર્ન રેલવે એમ્પ્લોઈઝ યુનિયનનું ૧૦૬મું વાર્ષિક અધિવેશન તારીખ ૧૯ નવેમ્બર ૨૦૨૬ ના રોજ ભાવનગર ખાતે ભવ્ય રીતે યોજાયું હતું. રેલવે કર્મચારીઓના પડતર પ્રશ્નો અને હિતોની માંગણીઓને બુલંદ બનાવવા માટે ડિવિઝનલ સેક્રેટરી પ્રશાંત કાનડે તેમજ ડિવિઝનલ ચેરમેન જીતેન્દ્ર સિંહના નેતૃત્વ હેઠળ મુંબઈ, વલસાડ, બીલીમોરા અને સુરતથી ૧૫૦થી વધુ યુનિયન હોદ્દેદારો અને કાર્યકર્તાઓ આ અધિવેશનમાં ઉત્સાહભેર જોડાયા હતા.

વલસાડ બ્રાંચનું પ્રતિનિધિત્વ કરતા વલસાડ બ્રાંચ સેક્રેટરી હુસેન બેલીમ, ડિવિઝનલ ઓફિસ બેરર સ્મિતા પટેલ, વિનય પટેલ સહિત મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ અને કાર્યકર્તાઓએ ભાવનગરમાં યોજાયેલી વિશાળ રેલી અને જાહેર સભામાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે AIRF ના મહામંત્રી શિવ ગોપાલ મિશ્રાજી, WREU ના જનરલ સેક્રેટરી જે. આર. ભોંસલે, પ્રેસિડેન્ટ આર. સી. શર્મા સહિતના રાષ્ટ્રીય અને ઝોનલ નેતાઓએ કર્મચારીઓને સંબોધિત કર્યા હતાં.

અધિવેશનમાં પસાર કરાયેલા મુખ્ય ઠરાવો અને માંગણીઓ

૧. જૂની પેન્શન યોજના (OPS) અને ૮મું પગાર પંચ : તમામ રેલવે કર્મચારીઓને સામાજિક સુરક્ષા હેઠળ જૂની પેન્શન યોજના (OPS) નો લાભ આપવો, ૮મા કેન્દ્રીય પગાર પંચની ભલામણો વહેલી તકે લાગુ કરવી અને ૫૦% મોંઘવારી ભથ્થા (DA) ને મોંઘવારી પગાર (DP) તરીકે ગણવું.

૨. ખાનગીકરણ અને આઉટસોર્સિંગનો સખત વિરોધ : રેલવેમાં કોર અને કાયમી કામગીરીમાં થઈ રહેલા આઉટસોર્સિંગ અને ઠેકેદારી પ્રથા પર તાત્કાલિક રોક લગાવવી તથા ખાલી પડેલી જગ્યાઓ પર નિયમિત ભરતી કરવી.

૩. નવી જગ્યાઓનું સર્જન અને ભરતી : નવી રેલવે લાઈનો, સ્ટેશનો અને વિકસતા નેટવર્કને ધ્યાનમાં રાખી 'મેચિંગ સરેન્ડર' વગર નવી જગ્યાઓ ઊભી કરવી.

૪. કર્મચારી કલ્યાણ અને અન્ય મહત્ત્વપૂર્ણ માંગણીઓ :
» કેડર રિસ્ટ્રક્ચરિંગનો અમલ તાત્કાલિક ૦૧.૧૧.૨૦૨૩ થી કરવો. » ટ્રેકમેન, પોઇન્ટ્સમેન, રનિંગ સ્ટાફ અને ટેકનિકલ સ્ટાફની પ્રમોશન અને ડ્યુટીના કલાકો (મહત્તમ ૮ કલાક) સંબંધિત સમસ્યાઓનું નિરાકરણ લાવવું. » બોનસ (PLB) ની ગણતરી માટે ૭૦૦૦/- ની પગાર મર્યાદા દૂર કરવી. » નિવૃત્ત કર્મચારીઓના કોમ્યુટેડ પેન્શનની વસૂલાતનો સમયગાળો ૧૫ વર્ષથી ઘટાડીને ૧૨ વર્ષ કરવો. » મહિલા કર્મચારીઓ માટે કાર્યસ્થળ પર અલગ ટોયલેટ, લંચ રૂમ અને ક્રેચ જેવી સુવિધાઓ પૂરી પાડવી. » આગામી ૨-૩ ડિસેમ્બર ૨૦૨૬ ના રોજ વિજયવાડા ખાતે યોજાનાર AIRF ની ૧૦૨મી વાર્ષિક સાધારણ સભા (AGM) માં લેવાનાર દેશવ્યાપી આંદોલનના દરેક કાર્યક્રમને સંપૂર્ણ તાકાતથી સફળ બનાવવાનો સંકલ્પ આ અધિવેશનમાં લેવામાં આવ્યો હતો.

તેજલાવ ગામે જુગાર રમતા છ જુગારી ઝડપાયા, સાત વોન્ટેડ

પોલીસે ૧.૩૫ લાખનો મુદ્દામાલ કબજે લીધો

ધેજ: ચીખલી પોલીસે બાતમીના આધારે તેજલાવ ટેકરા ફળિયા ખાતે ગુણવંત છગન પટેલના ખેતર પાસે રેડ તીનપત્તીનો જુગાર રમી રહેલા ગુણવંત છગન પટેલ, અલ્પેશ બાબુ પટેલ, ધર્મેશ ગુણવંત પટેલ (તમામ રહે., તેજલાવ ટેકરા ફળિયા), યોગેશ ખાપાભાઈ પટેલ (રહે.,ચીમલા), અજય પ્રકાશ પટેલ (રહે.,તેજલાવ સીતા ફળિયા) અને હિતેશ રવજી પટેલ (રહે.,તેજલાવ મોટા ફળિયા)ને પોલીસે ઝડપી પાડ્યા હતા.

પોલીસે સ્થળ પરથી દાવ પરના અને અંગઝડતીના રોકડા રૂ.૧૦,૩૬૦, પાંચ મોબાઈલ ફોન અને ચાર મોટરસાઈકલ મળી કુલ રૂ.૧,૩૫,૮૬૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે રેઇડ દરમિયાન ભાગી છૂટેલા રાજેશ ઉર્ફે રાજુ પટેલ, અમીશ પટેલ, અલ્કેશ ઉર્ફે નાલુ પટેલ, જિગર ઉર્ફે લાલુ પટેલ, જયેશ ઉર્ફે જયુ પટેલ, નવીન ઉર્ફે મુન્નો પટેલ અને મુકેશ પટેલ સહિત સાત શખ્સને વોન્ટેડ જાહેર કરી પીએસઆઈ આર.એન. વાડલેએ વધુ તપાસ હાથ ધરી છે.



વલસાડ-ધરમપુર માર્ગ પર ટ્રક રિવર્સ લેતાં બાઈકચાલકનું મોત

મજૂરી કરી યુવક બાઈક પર ઘરે પરત ફરી રહ્યો હતો તે સમયે ઘટના બની

વાપી : વલસાડ ધરમપુર માર્ગ પર ટ્રક રીવર્સ લેતી વેળા પસાર થઈ રહેલ બાઈકને અડફેટે લેતા બાઈકચાલકનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. આ બનાવ અંગેની ફરિયાદ વલસાડ રૂરલ પોલીસ મથકમાં નોંધાવા પામી હતી. ધરમપુર તાલુકાના પીરમાળ ઉપલુ ફળિયામાં સીતારા મ ચાંપુભાઈ મોકાશી (ઉં.36) રહે છે. તેમનો મોટો ભાઈ લાશીયા મોકાશી (ઉં.50) મજૂરી કામ કરી પરત બાઈક પર ઘરે ફરી રહ્યો હતો તે સમયે રાત્રીના આઠ વાગ્યે વલંડી પુલ, સ્મશાન પાસે વલસાડથી ધરમપુર જતા માર્ગ પર એક ટ્રક રીવર્સ લઈ રહ્યો હતો ત્યારે બાઈકને અડફેટે લીધી હતી અને અકસ્માત સર્જાતા લાશીયાભાઈના માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું સ્થળ પર જ મોત નિપજયું હતું.

